# પાટનગરને સ્વસ્થ-તંદુરસ્ત રાખતાં યોગગુરૂ-શિક્ષકોની એક ઝલક..!

**શહેરમાં ૯૦ના દાયકાથી યોગ-પ્રાણાયામ-ધ્યાનની પ્રવૃત્તિ કાર્યરત : શહેરના વરિષ્ઠ અને નવોદિત યોગગુરૂ-શિક્ષકોની ઓળખ કરાવવાનો ''ગાંધીનગર સમાચાર''નો પ્રયાસ**

ગાંધીનગર, તા.૨૦ સમગ્ર વિશ્વમાં તા. ૨૧મી જૂને આઠમો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવાશે. ભારતીય સંસ્કૃતિની અત્યંત પ્રાચીન ધરોહર અને વિશ્વને મહામારીના સમયમાં સ્વાસ્થ્ય જાળવણીની યોગ્ય દિશા પ્રદાન કરતી ઉત્તમ દેન એટલે 'વિશ્વ યોગ દિવસ'. ગાંધીનગર પહેલેથી જ સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત નાગરિકોનું શહેર રહ્યું છે અને અહીં ૯૦ના દાયકાથી યોગ-પ્રાણાયામની પ્રવૃત્તિઓ ચાલી રહી છે. આજે શહેરમાં અનેક યોગગુરૂઓ તેમજ યોગ શિક્ષકો શહેરીજનોને સ્વાસ્થ્યપ્રદ જીવન તરફ માર્ગદર્શન કરવા કાર્યરત છે જે પૈકી કેટલાંક યોગગુરૂઓ-શિક્ષકોની શહેરીજનોને ઓળખ કરાવવાનો ગાંધીનગર સમાચારે અત્રે પ્રયાસ કર્યો છે જેમાં કેટલાંક વરિષ્ઠ યોગ ગુરૂઓ છે જ્યારે કેટલાંક નવોદિત યુવા યોગ શિક્ષકો પણ સામેલ છે.



ગાંધીનગરમાં યોગ-પ્રાણાયામની શરૂઆત કરનાર યોગગુરૂમાં જેમનું નામ સૌ પ્રથમ આવે છે તેવા 'સૂરી સાહેબ'ના નામથી જાણીતા ૮૭ વર્ષીય સત્યપ્રકાશ સૂરીએ તા. ૧લી જાન્યુઆરી ૧૯૯૩ના રોજ સેક્ટર-૨૩માં મહર્ષિ અરવિંદ કેન્દ્ર ખાતે યોગ વર્ગોનો પ્રારંભ કર્યો હતો જે લગભગ અવિરત ચાલુ રહ્યો છે. જોકે ગત વર્ષે જ વધતા જતા વયને પગલે સૂરી સાહેબે જાતે યોગ નિદર્શન સેવા બંધ કરી છે. પરંતુ આજે પણ તેમનું સ્વાસ્થ્ય જોઈને યોગ-પ્રાણાયામનું મહત્વ સમજાઈ જાય છે. હાલના પાકિસ્તાનમાં ગયેલા પરસાણમાં લાકડાંનો મોટો વેપાર ધરાવતા ગુરમુખદાસ સૂરીના પંજાબી પરિવારે આઝાદી પછી બધુ છોડીને મેરઠ આવી જવું પડ્યું અને તેમના પાંચ પુત્રો પૈકી ત્રીજા નંબરના પુત્ર સત્યપ્રકાશે જીપીએસસી પાસ કરીને ગુજરાતમાં માર્ગ-મકાન વિભાગમાં નોકરી મેળવી હતી. ગાંધીનગરમાં સ્થાયી થયેલા સૂરી સાહેબે અમદાવાદમાં પ્રીતમનગર ખાતે મનવરીજી પાસેથી યોગની તાલીમ મેળવી હતી અને પાટનગરમાં કોઈપણ ઋતુમાં જેમના યોગ વર્ગ બંધ નથી રહ્યાં તેવા સૂરી સાહેબના યોગ-પ્રાણાયામથી અનેક અધિકારીઓથી માંડીને સામાન્ય નાગરિકોના રોગ-દર્દો મટાડવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

● **સત્યપ્રકાશ સૂરી (સૂરી સાહેબ)**



ગાંધીનગરમાં પતંજલિ યોગપીઠ સાથે જોડાઈને બાબા રામદેવજી પાસેથી યોગ-પ્રાણાયામની તાલીમ મેળવી 'યોગગુરૂ'નું પદ હાંસલ કરનાર ડૉ. કાનજીભાઈ બાવરી અત્યારે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ સાથે સંકળાઈને યોગ-શિક્ષકો તૈયાર કરવાની તાલીમ આપે છે. આ ઉપરાંત માનસ યોગ સેવા ટ્રસ્ટ થકી શહેરમાં 'લક્ષ્ય આરોગ્યમ્' અંતર્ગત અનેક નાગરિકોને યોગ-પ્રાણાયામના નિદર્શનની સેવાઓ વર્ષભર અવિરત આપતાં રહે છે. ડૉ. કાનજીભાઈ બાવરીએ ગાંધીનગરમાં યોગ શિક્ષકોની ફોજ તૈયાર કરી છે તેવું કહીએ તો પણ ખોટુ નથી. વિશ્વ યોગ દિવસે તેઓ પહેલા ચિલોડા આર્મી કેમ્પ ખાતે પછી સમર્પણ કોલેજ ખાતે અને ત્યારબાદ વાસણ ગામે બાપુ નોલેજ વિલેજ કોલેજ ખાતે યોગ નિદર્શન કરશે.

● **કાનજીભાઈ બાવરી**

ગાંધીનગરના સે. ૨૨માં રહેતા મૂળ મધ્યપ્રદેશના વિદિશા જિલ્લાના સ્થાનકવાસી જૈન પરિવારના ચાંદમલ કાંસવાજી બાળપણથી જ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે જોડાઈને યોગ ઉપરાંત કબડ્ડી, ખોખો, લાઠીદાવ વગેરે શીખ્યા હતા અને પછી સંઘની શાળાઓમાં તેમણે નિયમિતપણે શીખવાડવાની સેવા પણ વર્ષોથી આપી રહ્યાં છે. આ ઉપરાંત તેમણે ગાંધીનગરમાં વર્ષ ૨૦૦૬માં સે. ૨૩માં ઘ-ટાઈપ આવાસોના ધાબા પર પહેલી યોગ શિબિર યોજી હતી તે પછી તેઓ



શહેરમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં અનેક સંસ્થાઓ સાથે સંકળાઈને ૬૦ થી વધુ નિઃશુલ્ક યોગ શિબિરો યોજી ચૂક્યા છે. હાલ તેઓ સે. ૨૨ના બગીચામાં સવારે નિયમિત યોગ શિબિર ચલાવે છે. તેમનું ખાસ માનવું છે કે 'યોગ-પ્રાણાયામથી તનની તંદુરસ્તી તો મળે જ છે પરંતુ તે સાથે મન પણ સ્વસ્થ થાય છે.'

● **ચાંદમલ કાંસવા**



આર્ટ ઓફ લિવિંગના બેંગલોર ખાતેના આશ્રમ અને ગુજરાત વિદ્યાપીઠમાં યોગનું પ્રશિક્ષણ મેળવનાર મીનાબેન પરમાર છેલ્લાં ૧૨ વર્ષથી શહેરમાં યોગ-પ્રાણાયામની તાલીમ આપવાની સેવા આપે છે. આર્ટ ઓફ લિવિંગ ઉપરાંત હવે રાજ્ય યોગ બોર્ડ સાથે પણ સંકળાઈને તેઓ હાલ રાંદેસણ વિસ્તારમાં યોગ વર્ગો ચલાવી રહ્યાં છે. વિશ્વ યોગ દિવસે તેઓ કુડાસણની વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે યોગ નિદર્શન કરશે.

● **મીનાબેન પરમાર**



ગાંધીનગરમાં સચિવાલય ખાતે ગૃહ વિભાગમાં કાર્યરત વિરમભાઈ પોતાને થયેલી બિમારીની સારવાર માટે યોગ શીખ્યાં હતા અને તેના કારણે તદ્દન સ્વસ્થ થયાં પછી તેમને લાગ્યું કે આ યોગ-પ્રાણાયામને જન જન સુધી પહોંચાડવો જોઈએ આથી તેમણે પતંજલિ યોગ પીઠ, આર્ટ ઓફ લિવિંગ વગેરે સહિત અનેક સંસ્થાઓમાંથી યોગની તાલીમ મેળવી તેના આધારે પોતાનો 'જીવન યોગ સેમિનાર' કાર્યક્રમ તૈયાર કર્યો છે. હાલ તેઓ હેપ્પી યુથ ક્લબ સંસ્થા સાથે સંકળાઈને શહેરમાં અવારનવાર હેપ્પી જીવન યોગ સેમિનારનું આયોજન કરે છે.

● **વિરમભાઈ યોગ સેવક**



ગાંધીનગરના સે. ૨૩માં રહેતા ભાવનાબેન જોષીએ પતંજલિ યોગપીઠના બાબા રામદેવજીના યોગ-પ્રાણાયામ શીખ્યા પછી આર્ટ ઓફ લિવિંગમાંથી પણ યોગ શિક્ષક તરીકેની તાલીમ મેળવી છે. તેઓ ૧૯૯૮થી યોગ પ્રવૃત્તિ સાથે જોડાયેલા છે અને શહેરમાં ૨૦ વર્ષથી વધુ સમયથી યોગ-પ્રાણાયામ નિદર્શન કરે છે. હાલ તેઓ ગુજરાત રાજ્ય યોગ બોર્ડમાં યોગ કોચ અને કોઓર્ડિનેટર તરીકે સેવાઓ આપી રહ્યાં છે. વિશ્વ યોગ દિવસે તેઓ સ્વર્ણિમ પાર્ક ખાતે યોગ નિદર્શન કરશે.

● **ભાવનાબેન જોષી**



ગાંધીનગરમાં સૌથી વરિષ્ઠ યોગ ગુરૂઓમાં અશ્વિનભાઈ દવેનું નામ પણ આવે છે જેઓ શહેરના સેક્ટર-૧માં ગાયત્રી મંદિર ખાતે છેલ્લાં ૨૩ વર્ષથી નિઃશુલ્ક યોગ નિદર્શનની સેવા આપી રહ્યાં છે. અશ્વિનભાઈએ યોગની તાલીમ દિવ્ય જીવન સંઘમાંથી મેળવી હતી અને તેમણે પણ પાટનગરમાં વસતા અનેક સરકારી અધિકારીઓથી માંડીને સામાન્ય નાગરિકોને યોગ-પ્રાણાયામનું માર્ગદર્શન આપવા સાથે અનેકને બિમારીઓથી મુક્ત કરાવ્યાં છે. વિશ્વ યોગ દિવસે તેઓ રાજભવન ખાતે રાજ્યપાલ સહિતનાને નિરામય જીવન તથા સંપૂર્ણ આરોગ્ય માટે યોગને જીવનશૈલી તરીકે અપનાવવાના તેમના મંત્રથી માહિતગાર કરાવશે. હાલ તેઓ દરરોજ સવારે ૭ થી ૮ ઓનલાઈન તેમજ ઓફલાઈન બંને રીતે નિયમિત યોગ નિદર્શન આપી રહ્યાં છે.

● **અશ્વિનભાઈ દવે**



ગાંધીનગરના પેરાલીગલ વોલિયન્ટર્સ સુધિરભાઈ દેસાઈની દિકરી મહેક દેસાઈ ઝાલાએ યુએસએના યોગ એલાયન્સ સાથે જોડાઈને ૨૦૦ કલાકની આરવાયટી-રજીસ્ટર્ડ યોગ ટીચરની અને ૧૦૦ કલાકની આરપીવાયટી-રજીસ્ટર્ડ પ્રિનેટલ યોગ ટીચર તાલીમ મેળવી છે. તેમણે અનેક દર્દીઓને મહત્વનું યોગ માર્ગદર્શન આપ્યું છે અને સગર્ભા મહિલાઓને યોગ શીખવી તેના સારા પરિણામ મેળવ્યાં છે. અત્યારે તેઓ ઓનલાઈન મહેકનાયોગ કાર્યક્રમ ચલાવે છે. જેમાં ચાર દેશોના નાગરિકો યોગ શીખે છે. વિશ્વ યોગ દિવસે તેઓ ઈન્ફેલ્બનેટ ખાતે કર્મચારીઓને યોગ નિદર્શન કરશે.

● **મહેક દેસાઈ ઝાલા**



મનોજકુમાર ગાંધીનગરમાં રેસ્ટોરન્ટનો વ્યવસાય કરે છે અને ડૉ. કાનજીભાઈ બાવરી પાસેથી તેમણે યોગની તાલીમ મેળવી છે. તેઓ શહેરના સેક્ટર-૨૪માં છેલ્લાં ત્રણેક વર્ષથી નિયમિત યોગ-પ્રાણાયામના વર્ગો ચલાવે છે. જેમાં છેલ્લાં એક વર્ષથી સે. ૨૪ના રંગમંચ ખાતે તેમનવી યોગ શિબિર કાર્યરત છે.

● **મનોજકુમાર મેન્શન**



રોટરી ક્લબના અગ્રણી જસવંતભાઈ ગાંધીની સુપુત્રી તથા સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકના પેથોલોજીસ્ટ ડૉ. પરાગી ગાંધી ગુજરાત રાજ્ય યોગ બોર્ડ સાથે સંકળાયેલા છે. તેઓ છેલ્લાં આઠ માસથી સે. ૭-એમાં ઓફલાઈન ઉપરાંત ઓનલાઈન પણ યોગ વર્ગો ચલાવી રહ્યાં છે. ખૂબજ ઉત્સાહી ડૉ. પરાગી ગાંધી વિશ્વ યોગ દિને સ્વર્ણિમ પાર્ક ખાતે યોજાનાર મનપાના કાર્યક્રમમાં યોગ નિદર્શનમાં જોડાશે.

● **ડો. પરાગી ગાંધી**



ગાંધીનગરના સે. ૨૪માં આર્ય સમાજ ખાતેથી તેમજ રાજ્ય યોગ બોર્ડમાંથી અને વેરાવળની સોમનાથ સંસ્કૃતિ યુનિવર્સિટીમાંથી પણ યોગની તાલીમ મેળવનાર ગીરીશ આર્ય અને તેમના ધર્મપત્નિ જ્યોતિકા આર્ય છેલ્લાં ૧૧ વર્ષથી યોગ-પ્રાણાયામ સાથે સંકળાયેલા છે. તેઓ નિયમિતપણે ટીંટોડા, ઉવારસદ, મોટી આદરજ વગેરેના આયુષ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ઉપરાંત સે. ૧૩ના લીંબચ માતાના મંદિરે યોગ નિદર્શનની સેવાઓ આપે છે.

● **ગીરીશ આર્ય-જ્યોતિકા આર્ય**



ગુજરાત રાજ્ય યોગ બોર્ડની યોગ શિક્ષિક તરીકેની તાલીમ મેળવનાર સ્નેહા પટેલ છેલ્લાં બે વર્ષથી શહેરના સેક્ટર-૨૨માં મહિલાઓને નિયમિત યોગ-પ્રાણાયામના માર્ગદર્શનની સેવા આપી રહ્યાં છે. તેઓ સે. ૨૨ની વાસ્તુનિર્માણ સોસાયટીના બગીચામાં યોગ વર્ગો ચલાવી રહ્યાં છે અને વિશ્વ યોગ દિવસે સ્વર્ણિમ પાર્ક ખાતે યોગ નિદર્શનમાં જોડાશે.

● **સ્નેહા પટેલ**



નીલા જીવણલાલ તન્ના શહેરના સેક્ટર-૨૧ અને સે. ૨૨માં રંગમંચ ખાતે સાત વર્ષથી યોગ નિદર્શનની સેવાઓ આપી રહ્યાં છે. તેઓ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ સાથે સંકળાયેલા છે અને તેમણે પતંજલિ યોગપીઠની તાલીમ મેળવેલી છે.

● **નીલા તન્ના**



ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ઉપરાંત યોગમાં પીજી ડિપ્લોમાં કોર્સ અને માસ્ટર ઈન યોગ કરનાર રશ્મી મકવાણા છેલ્લાં પાંચ વર્ષથી યોગ બોર્ડ તેમજ પતંજલિ યોગપીઠ સાથે સંકળાઈને સરગાસણ ખાતે નિઃશુલ્ક યોગ વર્ગો ચલાવી રહ્યાં છે. વિશ્વ યોગ દિવસે અડાલજની વાવ ખાતે યોગ નિદર્શન કરશે.

● **રશ્મિ મકવાણા**

---

**સ્વામિનારાયણ વિદ્યામંદિર કન્યા વિદ્યાલય, રાંદેસણ ખાતે**

## આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી નિમિત્તે યોજાયેલ ખાસ યોગ કાર્યક્રમ

**આપણા ધર્મ અને સંસ્કૃતિમાં આગવું સ્થાન પામેલ યોગ એક એવી અનન્ય અને અદ્વિતીય વસ્તુ છે કે જે આપણે સમગ્ર વિશ્વને આપી શકીએ છીએ : વિધાનસભા અદ્યક્ષ**



ગાંધીનગર બી.એ.પી.એસ. દ્વારા સંચાલિત સ્વામી નારાયણ વિદ્યામંદિર કન્યા વિદ્યાલય



રેસીડેન્શીયલ સ્કુલ, રાંદેસણ ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી નિમિત્તે ખાસ યોગના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ખાસ યોગ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે ગુજરાત વિધાનસભાન અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ઉદબોધન કરતાં ડૉ. નીમાબેન આચાર્યએ જણાવ્યું હતું કે, "યોગ એ નિયમિત અને સંયમિત જીવન પ્રણાલીનો એક અનિવાર્ય અને અગત્યનો ભાગ છે. જેના થકી પ્રત્યેક વ્યક્તિ તાલબદ્ધ શ્વસનક્રિયા વડે, તનનું અને મનનું નિરામય આરોગ્ય જાળવી શકે છે. સ્વસ્થ દિર્ઘાયુ જીવન જીવી શકે છે. આપણા ધર્મ અને સંસ્કૃતિમાં આગવું સ્થાન પામેલ યોગ એ એવી અનન્ય અને અદ્વિતીય વસ્તુ છે કે તે આપણે સમસ્ત વિશ્વને આપી શકીએ તેમ છીએ." આ બાબત પર ભાર દઈને યોગ માધ્યમથી સમાજ અને રાષ્ટ્રને સ્વસ્થ અને આત્મનિર્ભર બનાવવાની દિશામાં શાળાની વિદ્યાર્થીનીઓને અનુરોધ કર્યો હતો.

આપણી સંસ્કૃતિમાં શરીર, મન અને આત્મા એ ત્રણ પાસાઓને યોગ્ય સંતુલન વડે જ પરિપૂર્ણ અને ખુશહાલ જીવનની સંકલ્પના આપણા ઋષિમુનિઓ એ સિધ્ધ કરી બતાવી છે. આપણે યોગ રસ્તે ચાલીને આખા જગતને પૈસાનો ખર્ચ કર્યા વિના નિરોગી કરીશું. આવો આશાવાદ પણ તેમણે વ્યકત કર્યો હતો.

પ્રમુખ સ્વામીજીએ ચીધેલ રાહ પર સંતો અવિરત સમાજ અને રાષ્ટ્રની સેવા કરી રહ્યા છે. અને છેવાડાના માનવી સુધી જઈને તેના ઉત્કર્ષ વિશે પથપ્રદર્શન કરી રહ્યા છે. તે બદલ સંતો, હરિભક્તો અને બી. એ. પી. એસ સંસ્થા સાથે સંકળાયેલ સમગ્ર ટીમને તેમણે ધન્યવાદ પાઠવ્યા હતા.

વિશ્વ યોગ દિવસ નિમિત્તે યોજાયેલ ખાસ યોગ કાર્કગ્રમમાં શાળાની વિદ્યાર્થીનીઓ અને શાળા પરિવાર સહભાગી બન્યો હતો.



દિવ્યાંગ ફાઉન્ડેશન દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માતૃશ્રી હીરાબાના શતાયુ પ્રવેશ નિમિત્તે ગરીબ વિદ્યાર્થીઓને ચોપડાઓનું વિતરણ કરાયુ હતુ. આ ઉપરાંત ધો. ૧૦ અને ધો. ૧૨માં સારા માર્ક્સ મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન પણ કરાયુ હતુ.

## મતદાર હવે મતદારયાદીમાં આધાર નંબર દાખલ કરાવી શકશે

ગાંધીનગર, તા. ૨૦

ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદારલક્ષી કેટલાંક મહત્વના નિર્ણયો જાહેર કરવામાં આવ્યા છે. જે મુજબ હવે નવા મતદાર તરીકે નામ નોંધાવવા લાયકાતની વર્ષમાં ૪ જુદી-જુદી તારીખ નક્કી કરવામાં આવી છે. એટલે કે ૧૮ વર્ષ પૂર્ણ કરનાર નવા મતદાર વર્ષ દરમ્યાન નિર્ધારીત કરવામાં આવેલી ચાર જુદી-જુદી તારીખે મતદાર તરીકેની યોગ્યતા પૂર્ણ કરે તો મતદાર યાદીમાં નામ નોંધાવી શકે છે. હાલની મતદાર યાદીમાં સમાવિષ્ટ મતદાર અથવા તો નવા સામેલ થનાર મતદારો માટે આધાર નંબર સ્વૈચ્છિક રીતે દાખલ કરવા તથા મતદાર તરીકે યાદીમાં સુધારા-વધારા કરવા માટેના ફોર્મ નં. ૬, ૭, ૮માં સુધારો કરી નવા ફોર્મ બહાર પાડવામાં આવ્યા છે. જે ૧લી ઓગસ્ટ,૨૦૨૨થી લાગુ પડશે. મતદારો ફોર્મ-૬-બી ભરીને મતદારયાદીમાં આધાર નંબર ઉમેરી શકે છે.

કેન્દ્રિય કાયદા અને ન્યાય મંત્રાલય દ્વારા ભારતના ચૂંટણી પંચ સાથે પરામર્શ કર્યા બાદ લોક પ્રતિનિધિત્વ ધારો, ૧૯૫૦ (૧૯૫૦નો ૪૩મો)ની કલમ-૨૮માં મળેલી સત્તાની રૂએ મતદાર નોંધણી નિયમો, ૧૯૬૦માં સુધારા અંગે તા.૧૭મી જૂન,૨૦૨૨ના જાહેરનામા દ્વારા જરૂરી અધિસૂચના જારી કરવામાં આવી છે. તે મુજબ મતદાર નોંધણી નિયમો, ૧૯૬૦માં સુધારો કરવામાં આવતા હવે મતદાર નોંધણી (સુધારા) નિયમો, ૨૦૨૨ તરીકે ઓળખાશે.

## જિલ્લામાં ચીજવસ્તુઓ પર છપાયેલ કિંમત કરતાં વધુ કિંમત લેતાં વેપારીની ફરિયાદ ગ્રાહકો મોબાઈલ નંબર -૯૯૭૮૪ ૦૫૦૪૩ પર કરી શકશે

ગાંધીનગ: સોમવાર:

ગાંધીનગર જિલ્લામાં કોઈ પણ ચીજવસ્તુ છાપેલી કિંમત કરતાં વધુ કિંમત લેતા અને તોલમાપમાં ગ્રાહકો સાથે છેતરપિંડી કરતા વેપારીઓ સામે કડક હાથે પગલાં લેવા માટે જિલ્લા કલેકટર શ્રી ડાં. કુલદીપ આર્યએ આજે તોલમાપ નિયંત્રણ તંત્રના અધિકારીશ્રીને સુચના આપી હતી.

જે સૂચનાને અનુસંધાને ગાંધીનગર જિલ્લાના કોઈપણ ગ્રાહક તોલમાપ નિયંત્રણ અંગેની ફરિયાદ મોબાઈલ નંબર ૭૩૮૩૦૧૬૬૯૯ના બદલે ૯૯૭૮૪૦૫૦૪૩ (વોટ્સએપ) પર કરવા માટે વિનંતી કરી છે.

વધુમાં તોલમાપ નિયંત્રકની કચેરીએ જણાવ્યું છે કે, આ પ્રકારની ફરિયાદ ઈમેઈલ tolmap-ahd@gujarat.gov.in પર પણ કરી શકાશે. ગ્રાહક પોતાની લેખિત ફરિયાદ નિયંત્રક, કાનુની માપ વિજ્ઞાન અને નિયામકશ્રી, ગ્રાહક બાબતોની કચેરી, બ્લોક નંબર ૨,ડી-૧ વિંગ, સાતમો માળ, કર્મયોગી ભવન, સેક્ટર ૧૦/એ,ગાંધીનગર ખાતે કરી શકે છે.

## નેવીગેટર્સ એજ્યુકેશન દ્વારા વિદેશ એજ્યુકેશન એક્સ્પો-૨૦૨૨નું આયોજન

ગાંધીનગર, તા. ૨૦

હાલના સમયમાં વિદ્યાર્થીઓ ઉચ્ચ કારકિર્દી મેળવવા માટે કેનેડા, ઓસ્ટ્રેલીયા, યુ.કે., યુ.એસ.એ., ન્યુઝીલેન્ડ જેવા દેશોમાં અભ્યાસ કરવા જઈ રહ્યા છે. તેઓને અનેક મુંઝવતા પ્રશ્નો હોય છે કે કઈ પરીક્ષા આપવી ? કઈ કોલેજમાં ભણવું ? કયા દેશમાં ભણવા જવું ? કેટલી ફી ભરવી ? વિઝા કેવી રીતે લેવા ? એજ્યુકેશન લોન કેવી રીતે મેળવવી ? વગેરે આ તમામ પ્રશ્નોના નિરાકરણ તથા સચોટ માહિતી આપવા માટે શહેરની નામાંકિત સંસ્થા નેવીગેટર્સ એજ્યુકેશન દ્વારા તા. ૨૫-૨૬ જૂનના રોજ પ્રમુખ ટેન્જન્ટ અરવિંદ સ્ટોરની ઉપર સરગાસણ ચોકડી ખાતે 'વિદેશ એજ્યુકેશન એક્સ્પો-૨૦૨૨''નું આયોજન કરવામાં આવ્યું છે.

આ વિદેશ એજ્યુકેશન એક્સ્પોમાં વિદેશની કોલેજ યુનિવર્સિટીના રિપ્રેઝન્ટેટીવ, સર્ટિફાઈડ વિઝા કન્સલ્ટન્ટ, સર્ટિફાઈડ તથા અનુભવી કાઉન્સેલર પાસેથી દરેક દેશ વિશે, કોલેજ વિશે, LELTS AND PTE પરીક્ષા વિશે માહિતી આપવામાં આવશે. શહેરીજનોને એક જ સમયે દરેક દેશના અનુભવી કાઉન્સેલર પાસેથી માહિતી મળી શકે તેમજ કોલેજ યુનિવર્સિટીના ઓફિસર સાથે કોર્સની માહિતી મળી શકે અને એ જ સ્થળે એજ્યુકેશન લોનની પણ માહિતી મળે તે હેતુથી આ વિદેશ એજ્યુકેશન એક્સ્પોનું આયોજન કરેલ છે. તો વધુમાં વધુ શહેરીજનોને એક્સ્પોનો લાભ લેવા સંસ્થાના ફાઉન્ડર્સ કરિશ્મા જોષી તથા ચિરાગ જોષી દ્વારા જણાવવામાં આવે છે.

## આજે ગાંધીનગર જિલ્લામાં વિશ્વ યોગ દિવસ નિમિત્તે અંદાજે દોઢ લાખ લોકો યોગ કાર્યક્રમમાં સહભાગી બનશે

**ગાંધીનગરના ઐતિહાસિક સ્થળ- અડાલજની વાવ, અંબાપુરની વાવ, કંથારપુરની વાવ અને રૂપાલ વરદાયનિ માતાજીના મંદિર ખાતે ખાસ યોગ કાર્યક્રમ યોજાશે.**

ગાંધીનગર,તા.૨૦

આજે તા. ૨૧ જૂન,ને સમગ્ર વિશ્વમાં યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ યોગ દિવસની ઉજવણી નિમિત્તે ગાંધીનગર જિલ્લામાં આઠમા યોગ દિવસ સર્વે જિલ્લા વાસીઓની માનસપટ પર હમેશા યાદ રહે તે માટે ઐતિહાસિક સ્થળો ખાતે યોગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અડાલજની વાવ, અંબાપુરની વાવ, કંથારપુરનો વડ અને રૂપાલ ગામના વરદાયિની માતાજી મંદિર ખાતે ખાસ યોગ કાર્યક્રમ યોજાશે.

માન. વડાપ્રધાનશ્રીના અથાગ પ્રયત્નોથી સંયુક્તરાષ્ટ્રસંઘદ્વારા ૨૧ જુનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે જાહેર કરેલ છે. વર્તમાન સમયમાં લોકો જીવનશૈલીના લીધે ડાયાબીટીસ, હાઈ બીપી, શ્વાસ, એલર્જી, હદય રોગ જેવા શારીરિક રોગો તેમજ હતાશા અને તણાવ જેવા માનસિક રોગોનો વધારે ભોગ બની રહ્યા છે ત્યારે ભારતીય યોગ પદ્ધતિ જીવનશૈલીનો એક ભાગ બને અને જીવન સાથે વણાઈ જાય તે જરૂરી છે. યોગ ભારતીય શાસ્ત્ર છે જેના નિરંતર અભ્યાસ દ્વારા સ્વસ્થ જીવન જીવી શકાય છે અને ઘણા બધા રોગોને થતા અટકાવી શકાય છે તથા નિયંત્રણમાં રાખી શકાય છે તેમજ પ્રાણાયામ અને ધ્યાન થી માનસિક શાંતિ અને હકારાત્મકતા વધે છે જેની અસરથી રોગપ્રતિકારક શક્તિ પણ વધતી હોય છે. આ વખતના યોગ દિવસની મુખ્યથીમ "માનવતા માટે યોગ" રાખવામાઆવેલછે. ૨૧ જુનને સંયુક્તરાષ્ટ્ર સંઘે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે વર્ષ ૨૦૧૫મા જાહેર કરેલ છે ત્યારે આપણે પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગદિનની ઉજવણી કરેલહતી. આવર્ષે પણ આપણે આઠમા આંતરરાષ્ટ્રીય યોગદિન માટેજિલ્લા કક્ષાની ઉજવણી કન્વેન્શનહોલ ત્રિમંદિર અડાલજ ખાતે કરવામાં આવનાર છે. ગાંધીનગર જિલ્લામાં જુદાજુદા સ્થળે મળીને ૧,૫૦,૦૦૦ લોકો એક સમયે યોગ કરશે તથા જિલ્લાના મુખ્યકાર્યક્રમમાં ત્રિમંદિર ખાતે ૪૦૦૦ લોકો યોગ કરશે.




વિશ્વ આખામાં ભારતીય યોગાની બોલબાલા છે. ૨૧મી જૂનને વિશ્વ યોગા દિવસ તરીકે દુનિયાભરના લોકો ઉજવે છે. ભારત દેશ સિવાય અન્ય દેશોમાં પણ કોરોનાની મહામારી બાદ લોકો યોગનું મહત્વ સમજી રહ્યા છે. અમદાવાદના શહેરના જાણીતા મીનિયેચર આર્ટિસ્ટ શ્રી મુકેશ પંડ્યાએ વિશ્વ યોગ દિવસ નિમિતે અનોખી શુક્ષ્મ્ આર્ટની રચના કરી છે. ૨૧ તારીખે યોગ દિવસ આવતો હોવાથી આ કલાકારે ૨૧ લોકો યોગ કરતા હોય તેવી પ્રતિકૃતીનું સર્જન કર્યું છે. હથેળીમાં સમાઈ જાય તેવી આ કલાકૃતિમાં બતાવેલા લોકો ફક્ત ૨૦ દ્વદ્વની સાઈઝના છે. લગભગ ત્રણ દિવસના સમયે તૈયાર થયેલ અને રંગીન દોરીનો ઉપયોગ કરીને બનાવેલ આ કલકૃતીએ સોશીયલ મીડીયામાં પણ અનેરું આકર્ષણ જગાવ્યું છે .

## અમરાપુરમાં ગ્રામભારતી સંસ્થા ખાતે યોગ દિવસની આગોતરી ઉજવણી



ગાંધીનગરના નહેરુ યુવા કેન્દ્ર તેમજ ગ્રામ સેવા મહાવિદ્યાલય-અમરાપુર-ગ્રામભારતી સંસ્થાના સહયોગ દ્વારા જિલ્લા કક્ષાના યોગ દિવસની પુર્વ ઉજવણી કરવામાં આવી હતી જેમાં નહેરુ યુવા કેન્દ્ર સંગઠનના ગુજરાતના રાજ્ય નિર્દેશક મનિષા શાહ તેમજ ગ્રામભારતી સેવા મહાવિદ્યાલયના ડાયરેક્ટર અમૃતભાઈ, અંજનાબેન નિમાવત, ઉર્વશીબેન ઝાલા તેમજ નહેરુ યુવા કેન્દ્રના ગાંધીનગરના જિલ્લા યુવા અધિકારી પંકજ મડેચા હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં સમગ્ર સંસ્થાના મોટી સંખ્યામાં સભ્યો વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપક તેમજ અન્ય નાગરિકોએ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન તેમજ સંચાલન પ્રો. રાજેશભાઈ મોદી, હાર્દિક મોચી તેમજ ધિરેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.